ક્રમાંક : માવિ.૩/આધારકાર્ડ/૨૦૧૮/ ૨૪૧૮

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા,પાલનપુર
તા.૦૫/૦૨/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
જિલ્લાની તમામ શાળાઓ,
બનાસકાંઠા

વિષય: ધો.૯ થી ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના આધારકાર્ડ અપડેશન અંગેનું રજીસ્ટર નિભાવવા બાબત.

સંદર્ભ : નાયબ નિયામકશ્રી, કમિશનરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગર દ્વારા વિડિયો કોન્ફરન્સમાં આપેલ સૂચના મુજબ.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અનુસાર જણાવવાનું કે, ધો.૯ થી ૧૨ માં અભ્યાસ કરતા જે વિદ્યાર્થીઓના આધારકાર્ડ અપડેશન થઈ ગયેલ છે તેવી શાળાઓએ આધારકાર્ડ અપડેશનની માહિતી દર્શાવતું રજીસ્ટર ફરજીયાત બનાવી નિભાવવાનું રહેશે. આ રજીસ્ટરમાં વિદ્યાર્થીનું નામ, ધોરણ, આધારકાર્ડ નંબર, આધારકાર્ડ અપડેશન (EID) નંબર દર્શાવવાનો રહેશે. આધારકાર્ડ અપડેશન કામગીરીમાં શાળાના આચાર્યની વેરીફાયર તરીકેની નિમણૂંક કરેલ હોઈ શાળાના આચાર્યશ્રીએ આ રજીસ્ટર અનિવાર્યપણે નિભાવવાનું રહે છે.

જિલ્લાની મોટાભાગની શાળાઓમાં આધારકાર્ડ અપડેશનની કામગીરી પૂર્ણ થવાના આરે છે. તેમ છતાં કોઈ પણ શાળામાં આધારકાર્ડ અપડેશન કરાવવાના બાકી હોય તો, તાલુકા મથકે, સેવા સદન કચેરી, બી.આર.સી.ભવન, દેના બેંક ખાતે તેમજ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી હસ્તક આ કામગીરી હાલમાં ચાલુ છે. જેથી તાત્કાલિક શાળાના આચાર્યશ્રીએ બાકી રહેલ આધારકાર્ડ અપડેશનનું આયોજન કરી આ કામગીરી ફેબ્રુઆરી-૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરવાની સૂચના આપવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

Scanned by CamScanner